# AIGATE (AIS & GPSC Aptitude Training & Exam ) Centre

## IAS Study and Training Centre , CENT

## Mogar, Anand.

## UPSC સિવિલ સર્વીસીસ પરીક્ષા અને GPSC સ્પર્ધાત્મક પરીક્ષા માટે

## તાલીમ અને પ્રશિક્ષણ વર્ગ- ૨૦૨૧-૨૨

### સંસ્થા/ ની નીતિ-નિયમાવલી ( Polices & Regulations )

UPSC(Union Public Service Commission ) દ્વારા લેવાતી સિવિલ સર્વીસીસ પરીક્ષા ૨૦૨૧-૨૨ ( આઇ.એ.એસ., આઇ.પી.એસ. વિ.) ની તૈયારીના તથા GPSC ( Gujarat Public Service Commission ) દ્વારા હવે પછી યોજાનાર જુદા જુદા સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીના પ્રશિક્ષણ વર્ગ- ૨૦૨૧-૨૨ માટેની પ્રવેશ પરીક્ષા માટે હાલ માત્ર ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે રજીસ્ટ્રેશનમાટે, ઓનલાઇન લિંક www.centanand.org

વેબસાઇટપર https://forms.gle/5WZAXKZZShiaxnkQ8 અથવા

www.djmit.ac.inપર https://forms.gle/5WZAXKZZShiaxnkQ8 રજીસ્ટ્રેશનલિંક પર ક્લીક કરવું.

1) તા. ૨/૨૦/૨૦૨૦ થી તા. ૨૨/૧૦/૨૦૨૦ સુધીમાં અરજી કરવાની રહેશે.
2) પ્રવર્તમાન કોવિડ-19 મહમારીની પરિસ્થિતિને ધ્યાને લઇ, પ્રવેશ પરીક્ષાનું આયોજન અંદાજીત ૧/૧૧/૨૦૨૦ ના રોજ રાખેલ છે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.
3) **શૈક્ષણિક લાયકાત અને પાત્રતા**:

   કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સિટી/ ડીમ્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક કરેલું હોવું જોઇએ. જે ઉમેદવારે છેલ્લા વર્ષ / સેમેસ્ટરમાં હોય તે અરજી કરી શકશે.

   i) **રાષ્ટ્રીયતા** :- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ. આ તાલીમમાં જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય અથવા જે ઉમેદવારોએ મધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય અથવા સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય અથવા ૧લી ઓગષ્ટ, ૨૦૨૦ પહેલા ગુજરાતમાં પાંચ વર્ષનો વસવાટ કરેલ હોય તેવા

ઉમેદવારો આ તાલીમ વર્ગમાં દાખલ થવા માટે લેવામાં આવતી પ્રવેશ પરીક્ષા માટે અરજી કરી શકશે.

ii) તમામ પ્રમાણપત્ર તથા અન્ય તમામ માહિતી સંસ્થા દ્વારા જે તારીખે રજુ કરવા જણાવવામાં આવે તે તારીખે રજુ કરવાના રહેશે.

**૪) વય મર્યાદા ( તા. ૩૧/03/૨૦૨૧ની સ્થિતિએ)** :-

ઓછામાં ઓછા ૨૧ વર્ષ અને વધુમાં વધુ ૩૨ વર્ષ સુધી

a) બીન અનામત (જનરલ) અને આર્થિક રીતે નબળા વર્ગ(EWS) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર થશે નહિ.

b) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC)ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

c) અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

d) અંધ ઉમેદવાર અને શારીરિક વિકલાંગ ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

૫) UPSC દ્વારા લેવાતી સિવિલ સર્વિસીસ પરીક્ષા- ૨૦૨૧-૨૨ (આઇએએસ, આઇપીએસ, વિ.)ની તૈયારી ના તથા GPSC ( Gujarat Public Service Commission ) દ્વારા હવે પછી યોજાનાર જુદા જુદા સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીના પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટેનું અંદાજિત સમયપત્રક :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રવેશ પરીક્ષાની જાહેરાત અને અરજી | ૨/૧૦/૨૦૨૦ થી ૨૨/૧૦/૨૦૨૦ |
| ૨ | પ્રાથમિક પરીક્ષા ( સ્ક્રીનીંગ ટેસ્ટ) | ૧/૧૧/૨૦૨૦ |
| ૩ | પ્રાથમિક પરીક્ષાનું પરિણામ | ૪/૧૧/૨૦૨૦ |
| ૪ | ઇન્ટરવ્યુ અને પ્રમાણપત્ર ચકાસણી | ૭,૮/૧૧/૨૦૨૦ |
| ૫ | ઇન્ટરવ્યુનું પરિણામ | ૨૦/૧૧/૨૦૨૦ |
| ૬ | કોર્ષ ફી ભરવાની અંતિમ તારીખ | ૩૦/૧૧/૨૦૨૦ |
| ૭ | તાલીમ વર્ગની શરૂઆત | ૩/૧૨/૨૦૨૦ |

**<u>સામાન્ય શરતો:-</u>**

૧. જાહેરાત સંદર્ભમાં માત્ર ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે.

૨. તાલીમ વર્ગમાં ૮૦ ટકા હાજરી ફરજીયાત રહેશે.

૩. અરજદારના અસલ પ્રમાણપત્રો સંસ્થા દ્વારા પ્રવેશ સમયે મંગાવવામાં આવે તે સમયે રજુ કરેલ નહિ હોય તો પ્રવેશ રદ્દ ગણવામાં આવશે.

૪. કોવીડ-૧૯ની ભારત સરકારની એડવાઇઝરી પ્રમાણે તાલીમ આપવામાં આવશે.

૫. કોવીડ-૧૯ની ભારત સરકારની એડવાઇઝરી પ્રમાણે **AIGATE Centre, DJMIT Campus, Mogar, Anand ખાતેના તાલીમ કેન્દ્રમાં** ૧૦૦ ઉમેદવારોને મેરીટ ક્રમના આધારે પ્રવેશ આપવામાં આવશે.

   a) તાલીમાર્થી ઓ ની કુલ સંખ્યા ૧૦૦ રાખેલ છે તથા ૧૦% બેઠકો અત્યંત જરૂરિયાતમંદ અને પ્રતિભાવંત કેટેગરી માટે અલગથી રાખવામાં આવેલ છે જેનો નિર્ણય મેનેજમેન્ટ પ્રત્યેક કિસ્સામાં મેરીટના આધારે કરશે.

૬. ૧૦% બેઠકો વિધવા, ત્યકતા તથા દિવ્યાંગો માટે રૂ. ૧/-( રૂ. એક માત્ર ) ટોકન દરથી અલગથી રાખવામાં આવેલ છે જેનો નિર્ણય મેનેજમેન્ટ પ્રત્યેક કિસ્સામાં મેરીટના આધારે કરશે.

૭. તાલીમાર્થીઓ ની કુલ સંખ્યા અને વિવિધ કેટેગરી હેઠળ રાખવામાં આવનારી બેઠકોનો નિર્ણય પ્રવેશ પરીક્ષાના પરિણામને આધારે રિવ્યૂ કરી શકાશે.

૮. **તાલીમ ફી - એક વર્ષના કોર્સ માટે** : -

   (અ) ઓપન/ બિન અનામત વર્ગ માટે - રૂ. 12,000/- માતા,પિતા, ઉમેદવારની સંયુક્ત આવક રૂ.૨ (બે) લાખથી વધુ હોય તેવા ઉમેદવારો માટે.

   (બ) ઓપન/ બિન અનામત વર્ગ માટે - રૂ. 8,000/- માતા,પિતા, ઉમેદવારની સંયુક્ત આવક રુ ૨ (બે) લાખથી ઓછી હોય તેવા ઉમેદવારો માટે.

   (ક) અનુસૂચિત જાતિ (SC) / અનુસૂચિત જનજાતિ (ST) માટે - 6,000/ પ્રતિ વર્ષ

ઉપરની ફીમાં ખાસ કિસ્સામાં જરૂર જણાયે,અલગથી વિચાર કરવામાં આવશે તથાપિ આવા કિસ્સાને પૂર્વ ઉદાહરણ ( Case Precedence ) તરીકે ગણી શકાશે નહિ.

**૯. હોસ્ટેલ**

**(i)** AIGATE સેંટર મેનેજમેન્ટ રહેવાસી તાલીમ (residential training) ની ભલામણ કરે છે. જેથી પૂર્ણ સમય અભ્યાસને ફાળવી શકાય. તેમજ ૨૪ કલાક લાઇબ્રેરી - વાઇફાઇનો ઉપયોગ કરી શકાય. નજીકના તાલીમાર્થીઓ અભ્યાસના તલીમ વર્ગના સમય પ્રમાણે નોન રેસિડેન્સીઅલ પ્રોગ્રામ કરી શકશે.

(ii) હોસ્ટેલની બેઠક ઉપલબ્ધતા આશરે 50 ઉમેદવારો માટે છે, જે વહેલો તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

(iii) હોસ્ટેલ ફી– (1) નોન એસી – ટ્રિપલ શેરિંગ - રૂ 12,000/ પ્રતિ વર્ષ,

(2) નોન એસી– ડબલ શેરિંગ - રૂ 18,000/ પ્રતિ વર્ષ ઠરાવવામાં આવેલ છે.

(iv) હોસ્ટેલમાં રહેનાર પ્રશિક્ષણાર્થીઓ માટે જમવાની વ્યવસ્થા માટે અલગથી કેંટીન એજન્સી નીમવામાં આવેલ છે જેનું બિલ પ્રશિક્ષણાર્થીએ સીધું એજન્સીને ચુકવવાનું રહેશે.

(v) પ્રશિક્ષણાર્થીઓએ AIGATE સેંટરના તાલીમ વર્ગો અને હોસ્ટેલમાં રહેવાની સામાન્ય નિયમાવલીનું પાલન કરવાનું રહેશે. સદર સામાન્ય નિયમાવલી અર્થાત General Rules and Regulations for AIGATE Study Center and Hostel Accommodation as amended from time to time www.centanand.org પર જોવા મળશે તથા એ પ્રકારનું સોગંદનામુંતાલીમ માં એડમિશન કન્ફર્મ કરતી વખતે લેવામાં આવશે જેની નોંધ લેવા આગ્રહ કરવામાં આવેછે.

૧૦. પ્રવેશ સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણય તમામ ઉમેદવારોને માન્ય અને બંધનકર્તા રહેશે. આયોજનમાં ફેરફાર કરવાની સત્તા સંસ્થાને રહેશે.

૧૧. **મા. શ્રી એચ. એમ. પટેલ એવોર્ડ** અંતર્ગત AIGATE સેન્ટરમાં તાલીમ લઇ IAS/IPS સર્વિસમાં પસંદગી પામેલ ઉમેદવારને રૂ. ૧,૦૦,૦૦૦/- (રૂ. એક લાખ પૂરા) તથા અન્ય ઇન્કમટેક્ષ, કસ્ટમ્સ

જેવી કેન્દ્રીય સેવાઓમાં પસંદગી પામનાર ઉમેદવારને રૂ. ૫૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

૧૨. GPSC ( Gujarat Public Service Commission ) માં નાયબ કલેક્ટર સંવર્ગમાં પસંદગી પામનાર ઉમેદવારને રૂ. ૨૫,૦૦૦/- નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

૧૩. સંસ્થાની અન્ય યોજના હેઠળ **મા. શ્રી ભાઇલાલભાઇ પટેલ(ભાઇકાકા) સ્કોલરશીપ** ફોર સિવિલ સર્વીસીસ એક્ઝામીનેશન્સ અંતર્ગત AIGATE સેન્ટર દ્વારા જનરલ / બિન અનામત કેટેગરીમાંપ્રાથમિક /સ્ક્રીનીંગપરીક્ષામાંપ્રથમ 1 થી 10 ક્રમાંકનામેરીટ લિસ્ટના ઉમેદવારોને તાલીમ ફીની રકમના ૨૫% સ્કોલરશીપ આપવામાં આવશે તથા એસ.સી./ એસ.ટી.નાપ્રથમ 1 થી 10 ક્રમાંકના મેરીટ લિસ્ટના ઉમેદવારોને તાલીમ ફીની રકમના ૨૫% સ્કોલરશીપસ્વરૂપમાં આપવામાં આવશે. તેવી જ રીતે DJMIT કોલેજમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તાલીમ ફી ની રકમના ૫૦% સ્કોલરશીપ તથા DJMIT કોલેજના પાસઆઉટ વિદ્યાર્થીઓને તાલીમ ફીની રકમના ૨૫% સ્કોલરશીપ આપવામાં આવશે.

**પરીક્ષા માળખું**

| તારીખ | પરીક્ષા | પેપર | સમય | ગુણ |
|---|---|---|---|---|
| ૧/૧૧/૨૦૨૦ | પ્રાથમિક પરીક્ષા ( સ્ક્રીનીંગ ટેસ્ટ) | સામાન્ય જ્ઞાન (૧૦૦ પ્રશ્નો ) | ૨ કલાક | ૨૦૦ |
| ૭,૮/૧૧/૨૦૨૦ | ઇન્ટરવ્યુ | વ્યક્તિત્વ કસોટી | - | ૧૦૦ |

sd/

Director,
AIGATE, (IAS Training Center)
CENT-DJMIT Campus , Mogar Anand